ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

# નવસારી-વલસાડ-વાપી

| હવામાન | મહત્તમ | લઘુત્તમ |
|---|---|---|
| નવસારી | ૩૭.૦° સે. | ૨૪.૦° સે. |
| આહવા | ૩૯.૦° સે. | ૨૨.૦° સે. |
| વલસાડ | ૩૬.૦° સે. | ૨૩.૦° સે. |
| વાપી | ૩૬.૦° સે. | ૨૩.૦° સે. |



## કરોડોના ચેક રિટર્ન કેસમાં આરોપીને 2 વર્ષની કેદ

**કોર્ટે** છાપરા ગામે થયેલી જમીન ઠગાઈમાં 60 લાખનો દંડ પણ ફટકાર્યો

નવસારી: ચીખલી કોર્ટમાંથી આર્થિક ગુનાઓ સામે કડક સંદેશ આપતો મહત્ત્વપૂર્ણ ચુકાદો આવ્યો છે. છાપરા ગામમાં જમીન-પ્લોટના સોદા દરમિયાન થયેલી છેતરપિંડી બાદ આપવામાં આવેલા ચેક રિટર્નના કેસમાં એડિશનલ ચીફ જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ કોર્ટે આરોપીઓને દોષિત ઠેરવી કડક સજા ફટકારી છે.

કોર્ટે આરોપી નિમેશ ભારતી અને તેમની પત્ની કેના નિમેશ ભારતીને બે અલગ-અલગ કેસમાં કુલ બે વર્ષની કેદની સજા અને ચેકની રકમના બમણા જેટલો એટલે કે કુલ 60 લાખનો દંડ ફટકાર્યો છે. કેસ મુજબ, ફરિયાદી અભિષેક પ્રકાશ જૈને આરોપીઓ પાસેથી પ્લોટ ખરીદ્યો હતો. બાદમાં જાણવા મળ્યું કે તે પ્લોટ પર અગાઉથી લોન બાકી હતી, જે માહિતી છુપાવીને છેતરપિંડી કરવામાં આવી હતી. વિવાદ બાદ સમાધાનરૂપે આરોપીઓએ 15-15 લાખના બે ચેક આપ્યા હતા, પરંતુ બેંકમાં પૂરતી રકમ ન હોવાથી બંને ચેક રિટર્ન થયા હતા. આ પછી એડવોકેટ પરેશકુમાર વાટવેચા મારફતે કાયદેસરની નોટિસ આપવામાં આવી અને બાદમાં કેસ કોર્ટમાં દાખલ કરવામાં આવ્યો હતો. સુનાવણી દરમિયાન રજૂ થયેલા પુરાવા અને દલીલોને આધારે કોર્ટે આરોપીઓને દોષિત ઠેરવ્યા હતા. કોર્ટે સ્પષ્ટ આદેશ કર્યો છે કે દંડની રકમ ન ચૂકવવામાં આવે તો વધુ 6 મહિનાની કેદ ભોગવવી પડશે. ઉપરાંત, ફરિયાદીને ચેકની રકમ પર 8% વ્યાજ સાથે વળતર ચૂકવવાનો પણ આદેશ આપવામાં આવ્યો છે.

# ગુંદલાવની ડેમોસામાં હોબાળો

**કામદારોને** અન્યાય મુદ્દે 14થી વધુ ગામના સરપંચોએ કંપની સામે મોરચો માંડ્યો





વલસાડ: વલસાડ ગુંદલાવ જીઆઈડીસીમાં આવેલી જાણીતી ડેમોસા કંપનીમાં કામદારોના હક માટે આજે મોટો વિવાદ છેડાયો હતો. છેલ્લા કેટલાક સમયથી કંપની અને કામદારો વચ્ચે ચાલી રહેલા સંઘર્ષે આજે ઉગ્ર સ્વરૂપ ધારણ કર્યું છે. જેમાં વલસાડના આસપાસના 14થી વધુ ગ્રામ પંચાયતના સરપંચોએ સાથે મળીને કંપની સામે મોરચો માંડ્યો છે.

પ્રાપ્ત વિગતો અનુસાર, વલસાડ ડેમોસા કંપની દ્વારા છેલ્લા કેટલાક સમયથી 500થી વધુ કર્મચારીઓને કોઈ ચોક્કસ કારણ વગર કંપનીમાંથી છૂટા કરવામાં આવ્યા છે. આ ઉપરાંત, કામદારોના બાકી પગાર અને અન્ય ભથ્થા બાબતે પણ કંપની વહીવટી તંત્ર દ્વારા યોગ્ય પ્રતિસાદ ન મળતા કામદારોમાં ભારે રોષ જોવા મળી રહ્યો હતો. આ બાબતની ગંભીરતા જોતા, વલસાડ તાલુકાના 14થી વધુ ગામોના સરપંચો આજે કંપનીના ગેટ પર પહોંચ્યા હતાં. તેમણે કંપની મેનેજમેન્ટ સમક્ષ સ્થાનિક યુવાનો અને કામદારો સાથે થઈ રહેલા અન્યાય સામે કડક વિરોધ નોંધાવ્યો હતો. સરપંચોનું કહેવું છે કે, આ વિસ્તારના લોકો કંપનીને પોતાની જમીન અને સહકાર આપે છે, ત્યારે કંપની આ રીતે મનસ્વી રીતે કામદારોને રોડ પર ન લાવી શકે. કંપનીએ આગામી 5 દિવસમાં છૂટા કરેલા તમામ કર્મચારીઓ અને પગારના પ્રશ્ને લેખિતમાં યોગ્ય જવાબ આપવો પડશે.

જો તમામ કર્મચારીઓને ફરી કામ પર લેવામાં નહીં આવે, તો ગ્રામજનો અને સરપંચો દ્વારા કંપનીના મેઈન ગેટ પર તાળાબંધી કરવામાં આવશે. જો કંપની પ્રશાસન નમશે નહીં, તો 14 ગામના લોકો સાથે મળીને ગાંધી ચીંધ્યા માર્ગે ઉગ્ર આંદોલન છેડશે. હાલમાં કંપનીની બહાર ચુસ્ત પોલીસ બંદોબસ્ત અને સરપંચોના વિરોધને પગલે ગુંદલાવ વિસ્તારમાં ભારેલા અગ્નિ જેવી સ્થિતિ સર્જાઈ છે. હવે જોવાનું એ રહે છે કે કંપની 5 દિવસમાં કામદારોના હિતમાં નિર્ણય લે છે કે આંદોલન વધુ વકરે છે. કર્મચારીઓનો નિકાલ ન આવશે તો આની સીધી અસર ચૂંટણી પર પડશે.

## સંક્ષિપ્ત સમાચાર

### ચીખલીની સ્પંદન હોસ્પિટલ ખાતે રક્તદાન કેમ્પનું આયોજન

ઘેજ: ચીખલી ખાતે કાઇઝન ગ્રુપ દ્વારા સંચાલિત સ્પંદન હોસ્પિટલમાં રવિવારના રોજ રક્તદાન કેમ્પનું આયોજન વલસાડ બ્લડ બેંક સેન્ટરના સહયોગથી કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ડો.કમલ ઉપરાંત ડો.પિયુષ પટેલ, ડો.પ્રદીપ પટેલ, ડો.પાર્થ પટેલ, ડો.નીરજ મહેતા, ડો.ઝીલ પટેલ, ડો.પરિમલ પટેલ, કાઇઝન ગ્રુપના ડિરેક્ટર ડો.હિમાંશુ પટેલ બીલીમોરા સ્થિત સોમનાથ હોસ્પિટલના તબીબો ઉપસ્થિત રહી રક્તદાતાઓનો ઉત્સાહ વધાર્યો હતો. આ રક્તદાન કેમ્પમાં ૭૩-યુનિટ રક્ત એકત્રિત કરવામાં આવ્યું હતું. સાથે જ એકત્રિત થયેલા રક્ત ચીખલી સ્પંદન હોસ્પિટલમાં શરૂ થયેલા બ્લડ સ્ટોરેજ કરી જરૂરિયાતના સમયે દર્દીઓને પૂરું પાડવામાં આવશે.

### આહવા સરકારી વિજ્ઞાન કોલેજમાં મતદાન જાગૃતિ માટે સિગ્નેચર કેમ્પેઇન


ગિરીશ ભોયે

સાપુતારા: ડાંગ જિલ્લામાં સ્થાનિક સ્વરાજ્યની સામાન્ય ચૂંટણીને અનુલક્ષીને તા.૨૬મી એપ્રિલના રોજ મતદારો મોટા પ્રમાણમાં મતદાન કરીને લોકશાહીના આ પર્વની ઉત્સાહભેર ઉજવણી કરે તે માટે જિલ્લા ચૂંટણી તંત્ર તથા જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીની કચેરી દ્વારા વિવિધ સ્વીપ પ્રવૃત્તિઓ હાથ ધરવામાં આવી રહી છે. મતદાન જાગૃતિના આ અભિયાન અંતર્ગત આજરોજ આહવા સરકારી વિજ્ઞાન કોલેજમાં હું પણ મતદાન અવશ્ય કરીશની નેમ સાથે વિદ્યાર્થીઓએ સિગ્નેચર કેમ્પેઇનમાં ભાગ લીધો હતો.

### તેજસ્વીની સંસ્કૃતિધામ, વાસુર્ણા ખાતે સપ્તરંગી રાષ્ટ્રીય કલા મહોત્સવ યોજાયો


ગિરીશ ભોયે

સાપુતારા: ડાંગનાં વાસુર્ણા સ્થિત તેજસ્વીની સંસ્કૃતિધામ ખાતે કલાપ્રતિષ્ઠાન દ્વારા 17મી રાષ્ટ્રીય કલાશિબિર અંતર્ગત સપ્તરંગી કલા મહોત્સવ ભવ્ય રીતે યોજાયો હતો. તારીખ 16 એપ્રિલથી 19 એપ્રિલ 2026 દરમિયાન ચાર દિવસ ચાલેલી આ કલાશિબિરમાં ગુજરાત તેમજ રાજ્ય બહારના ચિત્રકારોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. આ કાર્યક્રમનું ઉદ્ઘાટન કલાપ્રતિષ્ઠાનના ઉપાધ્યક્ષ યોગેશભાઈ નાયક અને બ્રહ્મવાદિની પૂજ્ય હેતલદીદીના હસ્તે કરવામાં આવ્યું હતું. વાસુર્ણા આસપાસના આદિવાસી વિસ્તારના કુદરતી સૌંદર્ય વચ્ચે કલાકારોએ કુલ 362 જેટલી કલાકૃતિઓનું સર્જન કર્યું હતું. શિબિરનું આયોજન મુખ્ય સંયોજક અજીત ભંડેરી, સહસંયોજક સી.ટી. પ્રજાપતિ અને નટુ ટંડેલે કર્યું હતું. વ્યવસ્થાપનમાં નરેન્દ્ર ગોહેલ, દીપક મહેતા, ચંદ્રકાંત પ્રજાપતિ, સુધા ધેવરીયા અને ભાવેશ પટેલે સહયોગ આપ્યો હતો.

### ચીખલીમાં આયોજિત સમૂહલગ્નમાં ૬૧ નવ યુગલે પ્રભુતામાં પગલાં માંડ્યા


ધર્મેશ પટેલ

ઘેજ: ચીખલીના ઇટાલિયા હાઇસ્કૂલના મેદાનમાં હાર્દિક જન પરિવર્તન ટ્રસ્ટ દ્વારા ઘેજ ગામના સ્વ.જમનાદાસ સોલંકીની પ્રેરણાથી પ્રથમ વખત વિનામૂલ્યે સર્વજ્ઞાતિ સમૂહ લગ્નનું આયોજન કરાતા તેમાં સંસ્થાના સંસ્થાપક હાર્દિકભાઇ સોલંકી ઉપપ્રમુખ કિરણબેન સહિતનાની ઉપસ્થિતિમાં ૬૧ દીકરીએ એક સાથે તેમના જીવન સાથી સાથે પ્રભુતામાં પગલાં માંડ્યાં છે. આ ઉપરાંત કથાકાર શ્રી રામકૃષ્ણ શાસ્ત્રી છોટે મોરારિબાપુ પ્રફુલ શુક્લ, દેવુભાઇ જોષી, મેહુલભાઇ જાની, વિવેક સ્વરૂપ સ્વામી સહિતના અનેક સંત મહંતોએ નવ દંપતીઓને આશીર્વચન આપ્યાં હતાં. સંસ્થા દ્વારા વાસણો,ફર્નિચર સહિતની જીવન જરૂરિયાતની નાની મોટી ૩૯ જેટલી ચીજવસ્તુઓ કરિયાવરમાં આપવામાં આવી હતી. દરેક યુગલને રણછોડરાય ભગવાનની તસ્વીર અને ખેરગામના સ્વ.મનીષાબેન પટેલના સ્મરણાર્થે તેમના પિતા જીતેન્દ્રભાઇ પટેલ પરિવાર દ્વારા દરેક નવદંપતિને શ્રીમદ ભગવત ગીતા અને રામાયણનો ગ્રંથ આપવામાં આવ્યો હતો.

### પરશુરામ જન્મોત્સવની ભવ્ય ઉજવણી



ધર્મેશ પટેલ

ઘેજ: ભગવાન શ્રી પરશુરામ જન્મોત્સવના અવસરે ચીખલી તાલુકા બ્રહ્મસમાજ દ્વારા વિવિધ ધાર્મિક, સામાજિક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું.કાર્યક્રમની શરૂઆત ચીખલી ગામમાં ભવ્ય બાઇક રેલી સાથે કરી ધજાઓ અને જય પરશુરામના નાદ સાથે યુવાનોએ વાતાવરણને ગજવી મૂક્યું હતું. કાળઝાળ ગરમીમાં રાહદારીઓને ઠંડક આપવા માટે સમાજ દ્વારા ચીખલી એસટી ડેપો પાસે સાંઇ ડેરી દિનેશભાઇ આહિર તરફથી છાસ વિતરણ કરવામાં આવી હતી. આ પ્રસંગે પ્રસાદની સગવડ સમીર પટેલ જ્યારે અલ્પાહારનું સુચારૂ સંચાલન દીપક ખાનજોડ અને ભરત કાપડિયા દ્વારા સંભાળવામાં આવ્યું હતું. પ્રમુખ યોગેશ ભટ્ટ (એડવોકેટ), નરેન્દ્ર ભટ્ટ, કેયુર ભટ્ટ, રવિ ભટ્ટ, કૃણાલ ભટ્ટ અને સંતોષ વૈદ્ય, કિરણ પાઠક રાજસ્થાની બ્રાહ્મણ સમાજના સભ્યો, મજીગામના ભૂદેવો તેમજ ચીખલી ગ્રામના બ્રાહ્મણ પરિવારોએ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમના અંતે તાલુકા બ્રહ્મસમાજના પ્રમુખ યોગેશ ભટ્ટએ તમામ કાર્યકરો, દાતાઓ અને ઉપસ્થિત સમાજના લોકોનો હૃદયપૂર્વક આભાર માન્યો હતો.

### ખેરગામ વોહરા સમાજના મુલ્લાજી કુશેયભાઈનું હજયાત્રા પૂર્વે સન્માન



ખેરગામ: ખેરગામ વોહરા સમાજના મુલ્લાજી કુશેયભાઈ તથા તેમની પત્ની હજ યાત્રા પર રવાના થતા પહેલાં વોહરા સમાજ અને હિન્દુ સમાજના આગેવાનો દ્વારા તેમના સન્માનનો કાર્યક્રમ યોજાયો હતો. આ પ્રસંગે સામાજિક સૌહાર્દ અને એકતાનું સુંદર દૃશ્ય જોવા મળ્યું હતું. કાર્યક્રમ દરમિયાન વિવિધ સમાજના આગેવાનો હાજર રહી મુલ્લાજી કુશેયભાઈને શુભકામનાઓ પાઠવી અને તેમની હજયાત્રા સુખદ તથા સફળતાપૂર્વક પૂર્ણ થાય તેવી પ્રાર્થના કરી હતી. ઉપસ્થિત આગેવાનોમાં રામજી મંદિર ટ્રસ્ટના પ્રમુખ સંજયભાઈ ગજ્જર, કિસાન મોરચાના ઉપપ્રમુખ આશિષભાઈ દેસાઈ, ગ્રામ પંચાયત સભ્ય મહેશભાઈ ભાનુશાલી, હર્ષદભાઈ પટેલ, બ્રહ્મ સમાજના પ્રમુખ અંકુર શુક્લ, વોહરા સમાજના પ્રમુખ ફિરોઝભાઈ વોહરા તથા મુસ્તાન વોહરા સહિતના અગ્રણીઓનો સમાવેશ થતો હતો

## ડાંગમાં મધરાતે તૂટી પડેલા વરસાદથી ઉનાળું પાક, કેરીને નુકસાન


ગિરીશ ભોયે

સાપુતારા: ડાંગ જિલ્લામાં રવિવારે રાત્રિના સમયે વાતાવરણમાં આવેલા અચાનક પલટાને કારણે ખેડૂતો અને સ્થાનિકોની ચિંતામાં મોટો વધારો થયો છે. પ્રાપ્ત વિગતો અનુસાર, જિલ્લાના મુખ્ય મથક આહવા સહિત વઘઇ, સુબિર, સાપુતારા અને પૂર્વપટ્ટીના છેવાડાના અંતરિયાળ ગામડાઓમાં રવિવારે રાત્રિના સુમારે મેઘરાજાએ ગાજવીજ અને તોફાની પવન સાથે ધમાકેદાર એન્ટ્રી કરી હતી. કાળઝાળ ગરમી વચ્ચે અચાનક તૂટી પડેલા આ કમોસમી વરસાદને કારણે સમગ્ર પંથકમાં ભારે અફરાતફરીનો માહોલ સર્જાયો હતો. આ કમોસમી માવઠાને કારણે ખાસ કરીને કૃષિ ક્ષેત્રે માઠી અસરો જોવા મળી રહી છે. કમોસમી વરસાદ અને તેજ પવનના લીધે ખેતરોમાં ઊભેલા ઉનાળું પાકોને વ્યાપક નુકસાન થયું છે. આ ઉપરાંત, ડાંગની શાન ગણાતા ફળફળાદીના પાકો, ખાસ કરીને કેરીના પાકને આ કુદરતી આફતથી જંગી નુકસાન થવાની ભીતિ સેવાઈ રહી છે. આંબા પરથી તૈયાર થવા આવેલા ફળો ખરી પડતા અને ઉનાળું પાક પલળી જતાં ધરતીપુત્રો આર્થિક પાયમાલી તરફ ધકેલાયા છે. ભરઉનાળે ચોમાસા જેવો માહોલ સર્જાતા જનજીવન પ્રભાવિત થયું છે અને કુદરતનો આ પ્રકોપ ખેડૂતો માટે પડતા પર પાટા સમાન સાબિત થયો છે.

## ડાંગના ગુંદિયા ગામે મધ્યાહન ભોજન ભરતીમાં ગેરરીતિના આક્ષેપ

**ગેરલાયક** ઉમેદવારની નિમણૂક મામલે કલેક્ટરને ફરિયાદ

સાપુતારા : ડાંગના ગુંદિયા ગામે મધ્યાહન ભોજન ભરતીમાં ગેરરીતિના આક્ષેપો કરવામાં આવ્યા છે. અરજદારે જિલ્લા કલેક્ટર સમક્ષ લેખિત ફરિયાદ નોંધાવી ન્યાયની માંગણી કરી છે.

મળતી માહિતી મુજબ, વર્ષ 2025-26 માટે આહવા તાલુકામાં મધ્યાહન ભોજન યોજના હેઠળ વિવિધ જગ્યાઓ માટે ભરતીની જાહેરાત કરવામાં આવી હતી. જેમાં ગુંદિયા ગામે સંચાલકની જગ્યાની ભરતી પૂર્ણ થયા બાદ અનિતાબેન મોહનભાઈ બંગાળને નિમણૂક પત્ર આપવામાં આવ્યો હતો. આ નિમણૂકને ગેરલાયક ગણાવી અરજદારે તા. 09/07/2025ના રોજ પ્રાંત અધિકારી, ડાંગ-આહવા સમક્ષ લેખિત રજૂઆત કરી હતી.તેમજ તેની નકલ મામલતદાર આહવા સહિત સંબંધિત અધિકારીઓને પાઠવી હતી. તેમ છતાં, રજૂઆત પર કોઈ કાર્યવાહી થાય તે પહેલાં જ મામલતદાર આહવા દ્વારા નિમણૂક પત્ર આપવામાં આવ્યો હોવાનું અરજદારે ફરિયાદમાં જણાવ્યું છે. જેના કારણે સમગ્ર ભરતી પ્રક્રિયા અંગે શંકા ઊભી થઈ છે. અરજદારના જણાવ્યા મુજબ, આજદિન સુધી તેમની અરજી પર કોઈ સત્તાવાર જવાબ કે તપાસ હાથ ધરાઈ નથી.અરજદારે વધુમાં આક્ષેપ કર્યો છે કે ભરતી પ્રક્રિયામાં ગુજરાત સરકારના શિક્ષણ વિભાગના ઠરાવ (ક્રમાંક: મભય/102016/415141/આર, તા. 03/10/2016) મુજબની શરતોનું પાલન કરવામાં આવ્યું નથી. ખાસ કરીને, એક જ કુટુંબમાંથી માત્ર એક વ્યક્તિને જ નિમણૂક આપવાની શરતનો ભંગ થયો હોવાનું તથા ગરીબી રેખા હેઠળના લાભાર્થીને પ્રાથમિકતા આપવાના નિયમની અવગણના કરવામાં આવી હોવાનું જણાવાયું છે.આ સમગ્ર મામલે અરજદારે ભરતી પ્રક્રિયાની પારદર્શક અને નિષ્પક્ષ તપાસ કરવાની માંગ સાથે ગેરરીતિમાં સંડોવાયેલા અધિકારીઓ અને કર્મચારીઓ સામે કાનૂની કાર્યવાહી કરવાની માંગ કરી છે. આ ફરિયાદને કારણે તંત્રમાં પણ ચકચાર મચી છે અને અધિકારીઓમાં ભયનો માહોલ સર્જાયો હોવાનું સૂત્રો દ્વારા જાણવા મળ્યું છે.અરજદારે ચેતવણી આપી છે કે જો યોગ્ય ન્યાય નહીં મળે તો તેઓ ન્યાયાલયનો દરવાજો ખટખટાવશે. હાલ સ્થાનિક સ્તરે આ મુદ્દે ચર્ચાઓ તેજ બની રહી છે અને લોકોમાં ભરતી પ્રક્રિયાની પારદર્શકતા અંગે પ્રશ્નો ઊભા થઈ રહ્યા છે. હવે જોવાનું રહ્યું કે તંત્ર આ ગંભીર આક્ષેપોને લઈ શું પગલાં ભરે છે..

## વિરાવળ રિંગ રોડ પર હત્યાના પ્રયાસમાં 3 આરોપી ઝડપાયા

**નવસારી** પોલીસે ત્રણ દિવસનાં રિમાન્ડ મેળવ્યાં



નવસારી: વિરાવળ રીંગ રોડ, હિંદ ટી સેન્ટર નજીક 17 એપ્રિલે થયેલા ચકચારી હત્યાપ્રયાસના કેસમાં નવસારી ટાઉન પોલીસને ઝડપી સફળતા મળી છે. જૂની અદાવતના કારણે ઈમરાન શેખ પર ચપ્પુ વડે જીવલેણ હુમલો કરવામાં આવ્યો હતો, જેમાં તે ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયો હતો.

ઘટનાની ગંભીરતા ધ્યાને લઈને ટાઉન પોલીસની સર્વેલન્સ ટીમે તાત્કાલિક તપાસ શરૂ કરી હતી. મળેલી ચોક્કસ બાતમી અને સતત નજરદારીના આધારે પોલીસને માહિતી મળી કે આરોપીઓ સુરત તરફથી ઉમરાટ તરફ ભાગવાની તૈયારીમાં છે. મરોલી ચાર રસ્તા નજીક 'વેલકમ હોટલ' પાસે પોલીસએ ગુપ્ત વોચ ગોઠવી હતી. થોડા જ સમયમાં શંકાસ્પદ હિલચાલ દેખાતા જ ટીમે ચુસ્ત ઘેરાબંધી કરીને ઝડપી કાર્યવાહી કરી અને ત્રણેય આરોપીઓને હથિયારો સાથે દબોચી લીધા. આરોપીઓને ભાગવાનો કોઈ મોકો મળ્યો નહોતો. પકડાયેલા આરોપીઓમાં મુખ્ય આસીફ ઉર્ફે ફ્રુટ પઠાણ તથા તેના સાગરીતો કિશન દુબે અને સુરજ દુબેનો સમાવેશ થાય છે. તેમની પાસેથી ઘટનામાં વપરાયેલા બે ચપ્પુ પણ જપ્ત કરવામાં આવ્યા છે. આ સમગ્ર ઓપરેશનમાં હેડ કોન્સ્ટેબલ ઘુઘાભાઈ અને જીતુભાઈની ભૂમિકા તેમજ સર્વેલન્સ ટીમનું સંકલન મહત્વપૂર્ણ રહ્યું હતું. પકડાયેલા ત્રણેય આરોપીઓને કોર્ટમાં રજૂ કરવામાં આવ્યા, જ્યાંથી તેમને એક દિવસનો પોલીસ રિમાન્ડ મંજૂર થયા છે.

## ડાંગ જિલ્લાના 1,93,586 મતદાર નક્કી કરશે 116 ઉમેદવારનું ભાવિ

**ડાંગ** જિલ્લા પંચાયતની ૧૮ બેઠક માટે 52 અને 3 તાલુકા પંચાયતની કુલ 47 બેઠક માટે 116 ઉમેદવાર વચ્ચે યોજાશે ચૂંટણી જંગ

સાપુતારા: ડાંગ જિલ્લામાં જિલ્લા પંચાયતની કુલ ૧૮ બેઠક માટે, તથા આહવા તાલુકા પંચાયતની ૧૬ બેઠકમાંથી ૧ બિનહરીફ જાહેર થતાં ૧૫ બેઠક, વઘઈની ૧૬, અને સુબીર તાલુકા પંચાયતની ૧૬ બેઠક મળી કુલ ૪૭ તાલુકા પંચાયતની બેઠકોની સામાન્ય ચૂંટણી યોજાઈ રહી છે. જિલ્લા ચૂંટણી તંત્ર પાસેથી પ્રાપ્ત થયેલી વિગતો અનુસાર ડાંગ જિલ્લા પંચાયતની કુલ ૧૮ બેઠક માટે ૫૨ (બાવન) ઉમેદવારો વચ્ચે ચૂંટણી જંગ યોજાશે તેમજ આહવા તાલુકા પંચાયતની કુલ ૧૫ બેઠક માટે ૩૨ ઉમેદવાર વચ્ચે ચૂંટણી યોજાશે. તો વઘઈ તાલુકા પંચાયતની કુલ ૧૬ બેઠક માટે ૪૦ ઉમેદવાર વચ્ચે, અને સુબીર તાલુકા પંચાયતની કુલ ૧૬ બેઠક માટે ૪૪ ઉમેદવાર વચ્ચે ચૂંટણી યોજાનાર છે. આ ચૂંટણી માટે જિલ્લાના કુલ ૩૩૭ મતદાન મથકો ઉપર ડાંગ જિલ્લામાં નોંધાયેલા ૯૭ હજાર ૯૩૯ પુરૂષ મતદાર, અને ૯૫ હજાર ૬૪૭ સ્ત્રી મતદારો મળી કુલ કુલ ૧ લાખ ૯૩ હજાર ૫૮૬ મતદારો તેમના મતાધિકારનો ઉપયોગ કરશે. જેમાં આહવા તાલુકામાં ૪૦ હજાર ૮૬૫ પુરૂષ મતદાર અને ૩૯ હજાર ૯૭૯ સ્ત્રી મળી કુલ ૮૦ હજાર ૮૪૪ મતદાર, વઘઈ તાલુકામાં ૨૮ હજાર ૪૬૨ પુરૂષ મતદાર અને ૨૮ હજાર ૫૯૧ સ્ત્રી મતદાર મળી કુલ ૫૭ હજાર ૫૩ મતદાર, તથા સુબીર તાલુકામાં ૨૮ હજાર ૬૧૨ પુરૂષ મતદાર અને ૨૭ હજાર ૦૭૯ સ્ત્રી મતદાર મળી કુલ ૫૫ હજાર ૬૯૧ મતદાર નોંધાયેલા છે. ઉલ્લેખનીય છે કે, ડાંગ જિલ્લામાં યોજાનાર આગામી સ્થાનિક સ્વરાજ્યની સામાન્ય ચૂંટણી પ્રક્રિયાને વધુ પારદર્શક અને લોકભોગ્ય બનાવવા માટે જિલ્લા વહીવટી તંત્ર દ્વારા સક્રિય કામગીરી હાથ ધરવામાં આવી છે. આ ચૂંટણીમાં જિલ્લાના તમામ મતદારો પોતાના મતાધિકારનો ઉપયોગ કરે અને જિલ્લામાં ૧૦૦ % મતદાનના લક્ષ્યાંકને સિદ્ધ કરી શકાય તે હેતુથી કલેક્ટર અને જિલ્લા ચૂંટણી અધિકારી શાલિની દુહાનના માર્ગદર્શન હેઠળ સ્વીપ (SVEEP) કાર્યક્રમ અંતર્ગત મતદાર જાગૃતિના શ્રેણીબદ્ધ કાર્યક્રમો પણ યોજવામાં આવ્યાં છે. તો મતદારો મતદાનની પદ્ધતિ અંગે સરળતાથી માહિતગાર થઈ શકે તે માટે કાર્યક્રમોનું પણ આયોજન કરવામાં આવી રહ્યું છે.

## ચૂંટણી પૂર્વે નવસારીમાં 30 રીઢા ગુનેગારની ધરપકડ

નવસારી: આગામી સ્થાનિક સ્વરાજની ચૂંટણીઓ શાંતિપૂર્ણ અને નિર્વિઘ્ન રીતે યોજાય તે માટે રાજ્ય પોલીસ વિભાગ દ્વારા શરૂ કરાયેલી વિશેષ અભિયાન અંતર્ગત નવસારી જિલ્લામાં પોલીસની કડક કાર્યવાહી સામે આવી છે. આ સ્પેશિયલ ડ્રાઈવ દરમિયાન કુલ 30 ફરાર તથા રીઢા ગુનેગારોને પકડી કાયદાની જાળમાં લાવવામાં આવ્યા છે. પેરોલ, ફર્લો, વચગાળાના જામીન પર છૂટેલા તેમજ જેલમાંથી ફરાર થયેલા કુલ 19 આરોપીને સફળતાપૂર્વક ઝડપી પાડવામાં આવ્યા હતા. તે ઉપરાંત જિલ્લાના વિવિધ પોલીસ મથકો અને શાખાઓ દ્વારા વધુ 11 આરોપીની ધરપકડ કરવામાં આવી હતી. આમ, સમગ્ર જિલ્લામાંથી કુલ 30 રીઢા અને ફરાર આરોપીઓને કાયદાના સકંજામાં લેવામાં આવ્યા છે. પોલીસની સખ્ત કાર્યવાહીના પગલે અપરાધીઓમાં ફફડાટ વ્યાપી જવા પામ્યો છે.

## વઘઈમાં ચૂંટણીના બીજા તબક્કાની તાલીમ યોજાઈ

સાપુતારા: ડાંગના જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેક્ટર શાલિની દુહાનના માર્ગદર્શન હેઠળ વઘઈ તાલુકાના જિલ્લા પંચાયત અને તાલુકા પંચાયતની ચૂંટણીના કામે રોકાયેલા અધિકારીઓની બીજા તબક્કાની તાલીમ યોજાઈ હતી. વઘઈ તાલુકાના જિલ્લા કક્ષાની બેઠકના ચૂંટણી અધિકારી અને નાયબ જિલ્લા વિકાસ અધિકારી હિરલ બી. પટેલ દરેક તાલીમ વર્ગોની મુલાકાત કરી ઉપયોગી માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. આ સાથે વઘઈ તાલુકા પંચાયત બેઠકના ચૂંટણી અધિકારી અને મામલતદાર- વઘઈ એ. જે. ચૌહાણ અને આદિજાતિ વિકાસ અધિકારી તથા તાલુકા વિકાસ અધિકારી - વઘઈ આર.બી.પટેલે પણ તાલીમ વર્ગની મુલાકાત લીધી હતી. તાલીમ કાર્યક્રમ સાથે કર્મચારીઓને ચૂંટણી વખતે ધ્યાન રાખવાના મુદ્દાઓ અગે આમાહિતી આપવામાં આવી હતી.

## ચીખલીના બોડવાંક પાસે બાઈક અથડામણ બાદ યુવક પર ટ્રક ફરી વળી

**રાનવેરી** કલ્લા ગામતળ રાજપૂત ફળિયાના યુવાનનું ઘટના સ્થળે જ મોત

ઘેજ: ચીખલીના બોડવાંક ગામે ઓવરટેક કરવા જતાં બે બાઈક સામસામે અથડાતા રોડ પર પટકાયેલા યુવક ઉપરથી હાઈવા ટ્રકનું ટાયર ફરી વળતા જેનું સ્થળ ઉપર જ મોત નીપજ્યું હતું.

બનાવની પોલીસ મથકેથી પ્રાપ્ત માહિતી અનુસાર ચીખલી તાલુકાના રાનવેરી કલ્લા ગામતળ રાજપૂત ફળિયા ખાતે રહેતા અંકિતસિંહ દિલીપસિંહ પરમાર (ઉં.વ.૨૭) જે પોણા ત્રણેક વાગ્યાના સમય દરમ્યાન પોતાના હીરો સ્પ્લેન્ડર મોટરસાઈકલ નં-જીજે-૨૧-ડીઈ-૭૧૧૭ લઈ નોકરી ઉપરથી પરત ઘરે જઈ રહ્યો હતો.

દરમ્યાન ટાંકલથી બોડવાંક જતાં રોડ ઉપર ઝેડ.કે પેટ્રોલપંપ ચમાર ફળિયા પાસે આવી પહોંચતા સામેથી આવી રહેલી એક સ્પ્લેન્ડર મો.સા નં-જીજે-૨૧-બીક્યું-૪૭૯૦ ના ચાલકે હાઈવા ટ્રક નં-જીજે-૧૯-એયું-૮૩૯૬ ને ઓવરટેક કરી અંકિતસિંહની મોટરસાઈકલ સાથે ધડાકાભેર અથડાવી રોડ ઉપર પાડી દેતા પાછળથી પૂરપાટ ઝડપે આવી રહેલી હાઈવા ટ્રકનું ટાયર ફરી વળતા અંકિતસિંહ પરમારનું સ્થળ ઉપર જ મોત નીપજ્યું હતું. પોલીસે હાઈવા ટ્રક ચાલક વિરુદ્ધ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

## વાપીની કારમાંથી રૂ.5.50 લાખની ચોરી કરનાર ઉજ્જૈનથી ઝડપાયો

**ચોરી** કરવા માટે ઉજ્જૈનથી વાપી આવ્યો હોવાની આરોપીની જિલ્લા એલસીબી સમક્ષ કબૂલાત



વાપી: વાપી વિસ્તારમાં પાર્ક કરેલી કારમાંથી રૂપિયા 5.50 લાખની ચોરી કરનાર ઉજ્જૈનથી ઝડપાયો છે.

મૂળ કચ્છ જિલ્લાના નેત્રાગામ અને હાલ પારડી તાલુકાના ટુકવાડા, અવધ હેલીકોનીયામાં ચેતનભાઈ ખીમજીભાઈ પટેલ (ઉં.45) રહે છે અને તેઓ સંઘપ્રદેશ દમણના દાભેલ તળાવ ફળિયામાં શ્રી સ્વામિનારાયણ વિદ્યાલય સ્કૂલમાં ટ્રસ્ટી છે.

તારીખ 28-3-26 ના રોજ તેમણે તેમની સોનોરસ બિલ્ડિંગ પાસે કાર પાર્ક કરી હતી જેમાં રોકડા રૂપિયા 5.50 લાખ ભરેલી લેપટોપની બેગ હતી. તેઓ કાર લોક કરવાનું ભૂલી જતાં તે બેગ ચોરાઈ ગઈ હતી. જે અંગે વાપી ટાઉન પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાઈ હતી. જેથી પોલીસે ટેકનિકલ સર્વેલન્સ, ફૂટેજ અને મળેલી બાતમી આધારે ચોરીમાં સીનુવાસ બાલુવાસ બરમુંડા (ઉં.32, રહે. ઉજ્જૈન, મધ્યપ્રદેશ) હોવાનું શોધી કાઢ્યું હતું. અને ઉજ્જૈન જઈને તેની ધરપકડ કરી હતી. તેણે કબૂલાત કરી હતી કે તે સાથી રાજા આરમોગમ જાદવ (રહે. ઉજ્જૈન) અને તેના ઓળખીતા બે ઈસમો સાથે મળી ચોરી કરવા વાપી આવેલા હતા અને બ્રીજનું કામ ચાલતુ હોય ત્યાં રોડની બાજુમાં પાર્ક કરેલ ગાડી હતી.

જેનું લોક મારેલ ન હતું અને દરવાજો ખોલી લેપટોપ બેગની ચોરી કરી હતી જેમાં આશરે સાડા પાંચેક લાખ રૂપિયા રોકડા હોવાની કબુલાત કરી હતી. પોલીસે એક મોબાઈલ ફોન કબજે લીધો હતો. પકડાયેલ સીનુવાસ સામે પંચમહાલ જિલ્લાના પાવગઢ પોલીસ સ્ટેશનમાં પણ ગુનો નોંધાયેલ હતો.